# ⁂ આશીર્વચન ⁂

દરેક ભાષામાં બાળસાહિત્યનું મહત્ત્વ સ્વીકારાયું છે. પહેલાના સમયમાં દાદા-દાદીના ખોળામાં માથું મૂકીને સૂતેલા બાળકને દાદા-દાદી દ્વારા વાર્તા સાંભળવાની મળતી. હું પાંચ વર્ષની ઉંમરનો હતો ત્યારે મારા માતુશ્રીના ખોળામાં સૂતા સૂતા તેમના મુખેથી ભક્ત ધ્રુવની વાર્તા સાંભળતો. એના ફળ સ્વરૂપે 'બાળકોના રંગદાદા'નું બાળ સાહિત્ય પ્રાપ્ત થયું છે એવું મને લાગે છે. હવે આવા ભાગ્યશાળી પરિવારોની સંખ્યા ઓછી જોવા મળે છે. નાની ઉંમરના બાળકોને પૂ. બાપજીની વાતો કહીને એમનામાં પૂ.શ્રીની ભક્તિના અમી ઘૂંટડા પાવાનું કામ પરિવારમાં સભાનપણે થવું જોઈએ. પૂ.શ્રીની ભક્તિનો વિસ્તાર વધે અને એ ભક્તિનો વારસો પરિવારમાં જળવાઈ રહે એ આશયથી 'બાળકોના રંગદાદા' પુસ્તક શ્રેણીનું આયોજન થયું છે. એ શ્રેણીમાં સાત પુસ્તકો તો પ્રકાશિત થઈ પણ ગયા છે.

બાળકોને વાંચવાનું ગમે અને છતાં જાણતાં-અજાણતાં એના મનમાં સંસ્કારો દૃઢ થતા જાય એ રીતે તૈયાર થતું લખાણ પ્રશંસનીય છે, અનુકરણીય છે.

'બાળકોના રંગદાદા' ભાગ-૮ને હું આવકારું છું અને પ.પૂ. સદ્‌ગુરુ શ્રી રંગ અવધૂત મહારાજને પ્રાર્થના કરું છું કે આવું બાળ સાહિત્ય શ્રી કુલીનભાઈ વધુ ને વધુ પરિવારના બાળકોને પીરસતા રહે.

આપણે બાળકોને સાચવીશું તો બાળકો આપણને સાચવશે. બાળપણ એ ભગવાનની ભેટ છે. આ કીમતી ભેટનું આપણે જતન કરીએ અને આવા વધુ પુસ્તકોનું નિર્માણ કરીએ.

લિ.

મુંબઈ, ॐ

તા. ૧૧-૧-૨૦૦૭ પ્રેમ

# આવકાર

શુભ્રજ્યોતિ પોતાનામાં અંતર્હિત અનેક વર્ણોને પ્રકાશ કિરણે વિચ્છુરિત કરી જગતને રંગથી ભરી દે છે તેમ આ પુસ્તિકા દ્વારા પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજશ્રીના જીવનનાં અનેક રંગો બાળમાનસને ઉત્તમ સંસ્કારોથી ભરી મૂકશે એવી શ્રદ્ધા અને વિશ્વાસ સાથે આનંદ અને ધન્યતાની લાગણીથી અભિભૂત થઇ આ પુસ્તિકાને આવકારું છુ.

કુમળી વયમાં સુસંસ્કારોની છાપ બાળમાનસ પર અંકિત થાય એ બાળઘડતર માટે આવશ્યક જ નહી પણ અનિવાર્ય છે. આ પુસ્તિકામાં આલેખાયેલા પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજશ્રીના જીવનપ્રસંગો દ્વારા બાળકોનું જીવનપાથેય ઉત્તમ ચરિત્ર્યશીલ બની રહેશે.

આ પુસ્તિકા બાળકોને પ્રેરણા, પ્રોત્સાહન અને પથદર્શન આપનારી બની રહો..... એ જ અભ્યર્થના!

મેઘધનુષ્યના સપ્તરંગ સમાન બાળસંસ્કારસિંચનની સાત પુસ્તિકા પ્રગટ કરી અને વધારાના આઠમાં રંગરૂપી આ પુસ્તિકા પ્રગટ કરવાની પ્રેરણા પામનાર કુલીનચંદ્ર ઉપાધ્યાયને હૃદયના ધન્યવાદ!

જંબુસર
તા. ૧૩-૧-૨૦૦૭

**શ્રી મહેન્દ્રકુમાર એમ. ઠાકોર**
**(ભારત શિક્ષારત્ન એવોર્ડ વિજેતા)**
**આચાર્યશ્રી,**
**જે.એમ.શાહ પી.ટી.સી. કોલેજ**
**જંબુસર.**

# લેખકનું નિવેદન

જ્યારે બાળકોનું મન કોરી સ્લેટ જેવું હોય ત્યારે જ આપણે એના ઉપર સંસ્કારી વાતોનું રેખાંકન કરી દઈએ તો સારું. ‘કુમળા છોડને વાળીએ તેમ વળે’ એ ન્યાયે નાના બાળકોને પૂ.શ્રી વિશેની વાતો જાણવા મળે તો સારું એવા વિચારમાંથી આ પુસ્તિકાનું પ્રકાશન થઈ રહ્યું છે.

મારા પુત્ર હર્ષલની નિર્જરીને આ સંસ્કારોથી મઢવાની વૃત્તિથી વાતો કરતાં કરતાં આવી પુસ્તિકાની શ્રેણી રચવાની ઈચ્છા જાગી. એમાં ‘બાળકોના મોટા’ એવી પુસ્તિકા હાથમાં આવી. શ્રી મુકુલ કલાર્થીની આ પુસ્તિકાની વાત શ્રી સુભાષભાઈ દવેને કરી તો એમણે મને પ્રોત્સાહિત કર્યો કે રંગ પરિવારના મુકુલભાઈ તમે બનો. એમનો વિશ્વાસ ગુરુ મહારાજની કૃપાથી સાચો ઠર્યો છે એટલે એ વિશ્વાસ જગાવનારના ઋણ સ્વીકારરૂપે એમનું સ્મરણ કરું અને આભાર માનું એ ઉચિત જ છે.

આવકાર લખી આપવા બદલ આચાર્ય મુ.શ્રીમહેન્દ્રભાઈ ઠાકોર સાહેબનો હું ઋણી છું. પ્રૂફ તપાસવા માટે તેમજ જોડણી શુદ્ધિ માટે મારા ધર્મપત્ની સૌ. અંજનીનો હું આભારી છું.

પૂ. પ્રેમ અવધૂતજીનો આભાર માની હું અંગતપણાનો ભાવ ક્ષીણ થવા નહિ દઉં. એ પ્રેરકબળ પણ છે અને ચાલક બળ પણ છે. પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના ચરણોમાં અનેકાનેક વંદન અને પૂ. પ્રેમ અવધૂતજીને સાદર વંદન હો!

અમદાવાદ

લિ.

તા. ૧૬-૧-૨૦૦૭.

**કુલીન ઉપાધ્યાય**

(૦૭૯- ૨૭૪૮૦૦૮૮)

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ ।
ૐ શ્રી વાસુદેવાનંદાય નમઃ ।
ૐ શ્રી રંગાવધૂતાય નમઃ ।

કૃતાત્મનાં દેહભૂતાં વરેણ્યં
પાપાત્મનાં પ્રાણભૂતાં શરણ્યમ્ ।
સ્વાત્માન્તરાનન્દનિતાન્તમગ્નં
રંગાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ।।

# બાળકોના રંગદાદા

## (૧)
## ભોળાનો ભગવાન

સરખેજ ગામ અમદાવાદથી નજીકમાં.
પ.પૂ. અવધૂતજી સ્કૂલમાં શિક્ષક હતાં ત્યારથી તેમને સરખેજનો પરિચય હતો.
સરખેજની કેટલીક વ્યક્તિ સ્કૂલમાં શિક્ષક તરીકે સેવા આપતી હતી.
પૂ.શ્રી પ્રત્યે સરખેજનો ભક્તિભાવ ઊંચો.
પૂ.શ્રીને પણ સરખેજ પ્રત્યે હૃદયનો પ્રેમ.
'સરખેજ મારું પિયર છે' એવું પૂ.શ્રીએ સરખેજ માટે કહ્યું હતું.
આ સરખેજમાં જ એક ભક્ત રહે.
નામ એનું કમળાશંકર.
હૃદયના ભોળા અને પૂ.શ્રી પ્રત્યે શ્રદ્ધા-ભક્તિવાળા.
એક વાર વડોદરામાં પૂ.શ્રીના દર્શને ગયા.
અભ્યાસ કર્યા પછી નોકરીની શોધમાં હતાં.
નોકરી મળે તો ઘર બરાબર ચલાવી શકાય.

આમ છતાં પૂ.શ્રી પ્રત્યેના ભાવને કારણે કમળાશંકરભાઇ બોલ્યા: "બાપજી! મારા ઘરે પધારો."

એમનો ભાવ ઊંચો હતો પરંતુ નોકરી વગરના હતા એટલે પૂ.શ્રીએ કહ્યું કે તને નોકરી મળશે પછી આવીશ. જે ગામમાં તું નોકરી કરવા જઇશ ત્યાં આવીશ.

પૂ.શ્રીની વાત સાંભળીને કમળાશંકરભાઇને ખાત્રી થઇ ગઇ કે હવે મને ચોક્કસ નોકરી મળી જવાની.

પૂ.શ્રીના દર્શન કરીને કમળાશંકરભાઇ પાછા અમદાવાદ આવવા નીકળ્યા.

મનમાં ઉમંગ હતો. હૈયું હરખાતું હતું.

હવે ચોક્કસ નોકરી મળી જવાની એમ લાગ્યું.

શ્રદ્ધા હતી તે વિશ્વાસ બન્યો.

આખે રસ્તે બસ! એક જ વિચાર.

નોકરી મળવાની અને પૂ.બાપજી ઘરે આવવાના.

પૂ.શ્રીના વિચારમાં અમદાવાદ ક્યારે આવ્યું તેની પણ ખબર ના પડી.

અમદાવાદથી સરખેજ આવ્યા.

પાણી પીધું અને ત્યાં થોડી જ વારમાં ટપાલી આવ્યો.

કમળાશંકરભાઇના હાથમાં એક પરબિડિયું મૂક્યું.

આંખમાં આનંદની ચમક દેખાવા લાગી.

મનમાં આનંદ ઉછાળા મારવા લાગ્યો.

દિલમાં વિશ્વાસનાં દીવડાં જલી ઊઠ્યાં.
વડોદરામાં જાગેલો વિશ્વાસ સાચો પડ્યો.
કમળાશંકરભાઈને નોકરી મળી ગઈ.
કલોલ પાસેના સઈજ ગામમાં શિક્ષક તરીકેની નોકરી મળી ગઈ હતી.
નોકરી મળ્યાનો આનંદ તો હતો જ પરંતુ વધારે આનંદ તો એ વાતનો હતો કે પૂ.શ્રી હવે મારા ઘરે પધારશે.
પૂ.શ્રીના આશીર્વાદ ફળ્યા.
ભલા અને ભોળાનો ભગવાન છે એ વાત સાચી પડી.

●

## (૨)
## સઈજના સિદ્ધનાથમાં

સરખેજના કમળાશંકરભાઈની શ્રદ્ધા ફળી.
ઉત્તર ગુજરાતનું સઈજ ગામ.
આ નાના ગામમાં શિક્ષક બન્યા.
પૂ.શ્રી પણ સંસ્કૃત વિષયના શિક્ષક હતા.
પવિત્ર અને નીતિમાન શિક્ષકને સંત બનવામાં સરળતા રહે.
પોતાને નોકરી મળી એટલે પૂ.શ્રીના દર્શને ગયા.
એમને ફરી આમંત્રણ આપ્યું.

પૂ.બાપજીએ એમને વચન આપ્યું કે હું આવીશ.
સને ૧૯૩૫નો ફેબ્રુઆરી માસ.
પોષ માસ પૂરો થવાની તૈયારીમાં.
પૂ.બાપજી સરખેજથી કલોલ ગાડી(Train)માં આવ્યા.
કલોલથી સઈજ ત્રણ-ચાર કિલોમીટર દૂર.
કમળાશંકરભાઇ પૂ.શ્રીને લેવા માટે સરખેજ પહોંચી ગયેલા.
કમળાશંકરભાઇ અને પૂ.શ્રીની ઉંમરમાં ઝાઝો ફેર નહિ.
એ સમયે કમળાશંકરભાઇને પૂ.શ્રી ઉચ્ચકોટિના સંત છે એવો ખ્યાલ નહિ.
પૂ.શ્રી સાથેનો નિકટનો પરિચય એટલે સંત તરીકેનો ખ્યાલ ઓછો, અંગત વ્યક્તિ તરીકેનો ભાવ વધારે.
પૂ.શ્રી સ્ટેશનની બહાર આવ્યા.
કમળાશંકરભાઈએ કોઈ વાહનની વ્યવસ્થા કરેલી નહિ.
પૂ.શ્રીએ પૂછ્યું ત્યારે કહ્યું કે “બાપજી! નજીક જ છે એટલે મને એમ કે ચાલી નાંખશું.”
પૂ.શ્રીએ કહ્યું કે “મને તો ત્રણ-ચાર કિલોમિટર ચાલવાનું સહજ છે.”
“ચાલો ત્યારે.” એમ કહીને પૂ.શ્રી અને કમળાશંકરભાઇ ચાલતા સઈજ આવ્યા.
સામાન્યતઃ પૂ.શ્રીનો મુકામ ગામની બહાર હોય.

ગામની બહાર કોઈ મંદિર હોય ત્યાં મુકામ હોય.
અહીં તો ભગવાન શંકરનું મંદિર અને પાસે જ સ્મશાનભૂમિ.
શંકરનું નામ "સિદ્ધનાથ મહાદેવ".
પૂ.શ્રીનો મુકામ આ સિદ્ધનાથ મહાદેવમાં રાખ્યો હતો.
પરંતુ કમળાશંકરભાઈએ એ રૂમને ચૂનાથી ધોળાવીને સ્વચ્છ કરાવ્યો હતો.
પૂ.શ્રીને જે રૂમમાં મુકામ આપવાનો હતો તે રૂમને બધી રીતે સ્વચ્છ અને પવિત્ર કરવામાં આવ્યો.
આ સિદ્ધનાથ મહાદેવમાં પૂ.શ્રીનો મુકામ.
સવાર-સાંજની ભિક્ષા કમળાશંકરભાઈના ઘરેથી આવે.
કમળાશંકરભાઈ ખૂલ્લા પગે અને પવિત્રતા જાળવીને ભિક્ષા લાવે અને પૂ.શ્રીને ભિક્ષા કરાવે.
આમ તો કમળાશંકરભાઈની ઉંમર પણ પાંત્રીસેક વર્ષની હશે.
પૂ.શ્રીની ઉંમર ૩૭ વર્ષની એટલે આગતા સ્વાગતામાં થોડી કચાશ પણ રહી ગઈ હશે પણ પૂ.શ્રીએ એમને એ કચાશનો ખ્યાલ આવવા દીધો નથી.
આ કમળાશંકરભાઈ એમના પિતાના એક માત્ર દીકરા.
પરણવાની ઈચ્છા ન હતી.
હિમાલય જવું હતું પરંતુ માત-પિતાના આગ્રહને વશ પરણ્યા.

પણ માનવી ધારે છે કંઇ અને ભગવાન કરે છે કંઇ તેમ પત્નીનું મૃત્યું થયું.

પાછું કમળાશંકરભાઇનું મન હિમાલયના ચકડોળે ચઢ્યું પણ....

•

## (૩)
## ભક્તનો આર્તપુકાર

કમળાશંકરભાઈને હિમાલય જવું હતું.

પત્નીનું મૃત્યું થયું એટલે રસ્તો ખૂલ્લો થયો એમ લાગ્યું.

પરંતુ માત-પિતાને રાજી રાખવા માટે ફરી લગ્ન કર્યા.

પત્નીનું નામ ધનલક્ષ્મીબેન.

ધનલક્ષ્મીબેનને સત્યનારાયણની કથામાં ખૂબ પ્રેમ એટલે એમને લીલાવતીની દીકરી કલાવતી જેવી ગણીને એમને ઘણા લોકો કલાવતી તરીકે પણ ઓળખે.

આ કલાવતીબેનની તબિયત સારી નો'તી રહેતી.

કમળાશંકરભાઇ શિક્ષકની નોકરી કરે અને ઘરમાં બનતી મદદ કરે.

આવી કઠણ પરિસ્થિતિ છતાં પૂ.શ્રીનો મુકામ કરાવ્યો.

પૂ.શ્રીને ભિક્ષા કરાવવા જાય ત્યારે મનમાં અનેક વિચારો આવે પરંતુ કહેવાનું ટાળે.

પત્નીની કાયમી માંદગીથી કમળાશંકરભાઇ કંટાળ્યા હતા.
“શરીર પર ચાંદુ અને બૈરું માંદુ” એ જીવનનો આંનદ છીનવી લે.
જીવનમાં પત્નીની કાયમી માંદગી ઘણા પ્રશ્નો ઊભા કરે. જીવનને નીરસ બનાવી દે.
એક દિવસ હિંમત કરીને કહી નાંખ્યું કે: “બાપજી! આનો નિકાલ કરી નાંખોને!” કહેવાનો ભાવ એવો કે પત્ની માંદી રહે એના કરતાં મરી જાય એવું કરો.
પૂ.બાપજીએ તરત જ કહ્યું કે “બ્રહ્મહત્યાનું પાપ તારે મારે માથે ચોંટાડવું છે?”
એટલે કમળાશંકરભાઇએ કહ્યું કે: “તો એને સાજી કરો, સારી કરો.”
બસ! એક દુ:ખી ભક્તનો પુકાર અવધૂતને હલાવી ગયો.
પૂ.બાપજીને હનુમાન ચાલીસા યાદ આવ્યું.
એમણે કમળાશંકરભાઇને કહ્યું કે: “હનુમાન ચાલીસા મળે?”
કમળાશંકરભાઇએ પૂ.શ્રીના હાથમાં હનુમાન ચાલીસા મૂકી.
આર્ત ભક્તના પુકારનું ફળ તે જ ‘**દત્તબાવની**’.

●

# (૪)
# દત્તબાવનીની રચના

દત્તબાવની એટલે દત્ત ભગવાન અને તેના અવતાર શ્રીપાદવલ્લભ અને શ્રીમન્ નૃસિંહસરસ્વતીની લીલાનું વર્ણન કરતું બાવન લીટીનું સ્તોત્ર.

ચાલીસ લીટીનું સ્તોત્ર ચાલીસા કહેવાય.

બાવન લીટીનું સ્તોત્ર બાવની કહેવાય.

કમળાશંકરભાઈના દિલનું દુઃખ પૂ.શ્રીને સ્પર્શી ગયું.

એમણે હનુમાન ચાલીસા જેવું ચાલીસ લીટીનું સ્તોત્ર રચવાનું વિચાર્યું.

ભક્તનું સંકટ દૂર થાય એવું સંકટ વિમોચન સ્તોત્ર રચવાની પ્રેરણા થઈ.

પૂ.શ્રીને આઠ વર્ષની ઉંમરે 'પોથી વાંચ'નો આદેશ થયેલો.

એ પોથી એટલે શ્રીગુરુચરિત્ર.

આ શ્રીગુરુચરિત્રમાં વર્ણવેલી લીલાનો ટૂંક સાર એટલે જ દત્તબાવની.

આ શ્રીગુરુચરિત્રના કુલ બાવન અધ્યાય છે.

એમાં શરૂઆતમાં દત્ત ભગવાનની લીલા છે અને પછી મોટા ભાગના અધ્યાયમાં શ્રીપાદ્વલ્લભ અને નૃસિંહસરસ્વતી સ્વામીની લીલાનું વર્ણન છે.

પૂ.શ્રીએ ગ્રંથની લીલાનું સ્મરણ કરીને સંકટ વિમોચન સ્તોત્ર રચવાનું વિચાર્યું.

સઈજ ગામનું સ્મશાન.

સ્મશાન પાસે જ સિદ્ધનાથ મહાદેવ.

નવનાથનો ધૂણો ધખે.

આવા પવિત્ર વાતાવરણમાં પૂ.શ્રીએ ભક્તનું સંકટ દૂર કરવા સ્તોત્ર રચ્યું.

સ્તોત્રની લીટી ગણી જોઇ તો બાવન થઈ.

પોતાની ઈચ્છા ‘દત્ત ચાલીસા’ જેવું ચાલીસ લીટીનું સ્તોત્ર રચવાની હતી.

આ બાવન લીટીના સ્તોત્રની બાર લીટી ઓછી કરવાનો વિચાર આવ્યો.

પરંતુ રાત્રે ભગવાને કહ્યું: “આ બાવન લીટીનું સ્તોત્ર બરાબર છે. એક પણ લીટી કાઢવાની નથી અને પછી કહ્યું કે શ્રીગુરુચરિત્રના અધ્યાય કેટલા? વર્ષના અઠવાડિયા કેટલા? કુલ અક્ષરો (વર્ણ) કેટલા?”

આ બધા પ્રશ્નોનો જવાબ એક જ હતો અને તે હતો: “બાવન (૫૨)”

વર્ષના ગુરુવાર બાવન એટલે બાવન લીટી જ રાખી.

અને સ્તોત્રનું નામ આપ્યું દત્તબાવની.

બીજે દિવસે કમળાશંકરભાઇ આવ્યા.

પૂ.શ્રીએ સ્તોત્ર આપ્યું.

પત્ની સવાર સાંજ સ્તોત્ર કરે એમ કહ્યું.
એની વિધિ સમજાવી.
કમળાશંકરભાઈએ કહ્યું કે "બાપજી! એ તો અક્ષર શત્રુ(અભણ) છે."
એટલે પૂ.શ્રીએ કહ્યું કે તો તું કરજે.
અને પૂ.શ્રીની સૂચના પ્રમાણે કમળાશંકરભાઈએ સ્તોત્ર કરવા માંડ્યું.
એનું પરિણામ શું આવ્યું?

●

## (૫)
## દત્તબાવની-એક એટમબોંબ

દત્તબાવની એટલે સંકટ વિમોચન સ્તોત્ર.
દત્તબાવની કરનારને સ્તોત્ર સંકટમાંથી છોડાવે.
હનુમાન ચાલીસાના જેવું સંકટ વિમોચન સ્તોત્ર.
સંત જ્યારે સ્તોત્ર રચે ત્યારે પોતાની તપશ્ચર્યા એમાં મૂકે.
સંતનું સંકલ્પ બળ એ સ્તોત્રને દિવ્ય બનાવે, અસરકારક બનાવે.
પૂ.શ્રીની નમ્રતા કેવી છે? એમણે એ સ્તોત્રની નકલ મુ. મોદીકાકાને મોકલી તો નીચે લખ્યું કે "તમને ગમે તો રાખશો, નહિતર ફાડી નાંખશો."

મુ. કમળાશંકરભાઈએ બે વાર સ્તોત્ર કરવા માંડ્યું.
ભગવાન સમક્ષ પવાલામાં જળ મૂકે.
એમાં તુલસી પધરાવે. પછી દત્તબાવની કરે અને એ જળ પત્નીને પાઈ દે.
ધીરે ધીરે પિશાચ પીડા દૂર થઈ.
પત્નીની તબિયત સારી થવા લાગી.
પછી તો આ દત્તબાવની એમના જીવનનું એક અંગ બની ગયું.
જે જીવન વન સમાન હતું તે હવે નંદનવન સમાન બની ગયું.
કમળાશંકરભાઈ ઉપર પૂ.બાપજીએ કરેલી કૃપા ફળી.
ધનલક્ષ્મીબેન તદ્ન સાજા-નરવા થઈ ગયા.
પછી તો ધીરે ધીરે દીકરા-દીકરી થયા.
દીકરા-દીકરીને પરણાવ્યા અને એમને ઘરે પણ સંતાનો થયા.
સને ૧૯૮૪માં જ્યારે દત્તબાવનીનું પચાસમું વર્ષ ઉજવાયું ત્યારે સઈજમાં સુવર્ણ જયંતીના કાર્યક્રમમાં મુ.શ્રી કમળાશંકરભાઈ પધાર્યા અને એ ઉત્સવ જોયા પછી જ રંગશરણ થયા.
આજે તો આ દત્તબાવની રંગપરિવારમાં એટમબોંબનું કામ કરે છે.

કોઈ ચોક્કસ ફળની પ્રાપ્તિ માટે દત્તબાવની કરતા પહેલા દત્તનામ સંકીર્તન કરીએ અને દત્તબાવની કર્યા પછી દત્તનામ સંકીર્તન કરીએ તો એ વિશેષ ફળદાયી બને.

પૂ.શ્રીએ પોતાની તપશ્ચર્યાનું તેજ એમાં રેડ્યું છે.

એટલે આ દત્તબાવનીના પાઠ કરવાથી ભક્ત પોતાનું કાર્ય સિદ્ધ કરે છે.

પૂ.શ્રીએ શ્રીમુખે કહ્યું છે કે: "કાળક્રમે આપણું બીજું સાહિત્ય કદાચ ભૂલાઈ જશે પણ દત્તબાવની નહિ ભૂલાય."

દત્તબાવનીની રચના મહાસુદ એકમ ને સોમવાર તા. ૪-૨-૧૯૩૫ ના રોજ સિદ્ધનાથ મહાદેવમાં થઈ.

દર વર્ષે મહા મહિનાના પહેલા રવિવારે ગામેગામથી સઈજમાં ભક્તો ભેગા થાય છે.

દત્તબાવનીના અનુષ્ઠાન થાય છે.

ભગવાન શંકર ઉપર અભિષેક થાય છે.

કમળાશંકરભાઈનો પુત્ર અરવિંદ નિયમિત રીતે આ કાર્યક્રમમાં આવે છે અને પાદુકાપૂજન કરવા માટે અચૂક બેસે છે.

એક ભક્તને નિમિત્ત બનાવીને રંગદાદાએ આપણને સંકટ વિમોચન સ્તોત્ર આપ્યું.

સારા-માઠા પ્રસંગે ભક્તો અચૂક દત્તબાવની કરે છે અને ગુરુમહારાજના આશીર્વાદથી નિર્વિઘ્ને પ્રસંગો ઉજવે છે. બાળકો! તમે પણ દત્તબાવની ગાજો અને સંકટમાંથી મુક્ત થાજો.

•

## (૬)
## દત્તબાવનીનું માહાત્મ્ય

દત્તબાવની એ બાવન લીટીનું સ્તોત્ર છે.
આ સ્તોત્રમાં દત્ત ભગવાનની લીલાનું વર્ણન છે.
આ સ્તોત્રમાં દત્તના અવતાર એવા શ્રીપાદવલ્લભ અને નૃસિંહસરસ્વતી સ્વામીની લીલાનું વર્ણન છે.
આપણા રંગદાદાને પણ આપણે દત્તનો અવતાર જ માનીએ છીએ.
દત્તનો અવતાર એટલે શું?
દત્ત પ્રભુના સદ્‌ગુણો જેનામાં દેખાય તે દત્તનો અવતાર કહેવાય.
દત્ત પ્રભુના સદ્‌ગુણો ક્યા ક્યા?
દત્ત પ્રભુએ પોતાની જાતનું સમર્પણ કર્યું- દાન આપ્યું. પોતાની જાત બીજા માટે વાપરી.

સાચું બોલવું, હળી મળીને રહેવું, મીઠી વાણી રાખવી, સુખ દુ:ખ સહન કરવા, ભગવાન ઉપર અનન્ય ભરોસો રાખવો જેવા અનેક સદ્‌ગુણો દત્ત પ્રભુમાં હતાં.

આ બધા સદ્‌ગુણો પૂ.રંગદાદામાં પણ હતાં.

આ દત્તબાવની 'અકારાંત' છે. એટલે દરેક લીટીનો છેલ્લો અક્ષર અકાર છે.

જેમ કે: "જય યોગીશ્વર દત્ત દયાળ, તું જ એક જગમાં પ્રતિપાળ."

છેલ્લો અક્ષર અકાર છે એની વિશેષતા શું?

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે કે બધા અક્ષરોમાં 'અ' હું છું. "વર્ણાનામ્ અકારોઽસ્મિ ।"

આ દત્તબાવની કરવાથી લોકોના અનેક સંકટો દૂર થયા છે.

ચમત્કાર કહેવાય એવા અનેક પ્રસંગો બન્યા છે.

નારેશ્વરમાં ઉત્સવ હતો. એક ગરીબ છોકરો એની મા સાથે ઉત્સવમાં આવ્યો હતો.

એણે દત્તબાવની લેવી હતી.

પણ એની ગરીબ મા દત્તબાવનીના પૈસાની વ્યવસ્થા કરી શકે એમ ન હતી. એણે ના કહી.

દત્તબાવનીની કિંમત બે પૈસા હતી.

લોકો પૈસા ખર્ચે તો સાચવે.

મફતમાં મળે તો એમાં સીંગચણા બાંધે, દુરુપયોગ કરે.
પછી તો બાળક રડવા જેવો થઇ ગયો.
થોડી વાર પછી બાળકને કોઈએ દત્તબાવની અપાવી.
એને એટલો આનંદ થયો કે દોડતો ઘરે જવા નીકળ્યો.
એનું ઘર નારેશ્વરની પેલે પાર.
વચમાં નર્મદા નદી.
નદીમાં પાણી ઘણું. પણ છોકરો તો હાથમાં દત્તબાવની રાખી દોડ્યો.
નદીમાં ઘણું પાણી હતું તો પણ ભાગ્યો.
હાથ ઊંચો રાખ્યો.
હાથમાં દત્તબાવની અને નદીના પાણી ઉપર દોડતો જ રહ્યો.
પહોંચી ગયો ઘેર.
એની મા એને નારેશ્વરમાં શોધે.
બધે દોડાદોડ થઇ ગઈ.
પછી સમાચાર મળ્યા કે છોકરો તો ઘરે પહોંચી ગયો છે.
માતા ઘરે ગઈ.
પૂછ્યું કે તું કેવી રીતે ઘરે આવ્યો?
નાવડીમાં બેસીને આવ્યો?
નાવડીવાળાને પૈસા કેવી રીતે ચૂકવ્યા?
છોકરાએ વર્ણન કર્યું તો સાંભળીને મા તો દંગ જ થઇ ગઇ.

ન માની શકાય એવું બન્યું.
એ તો જે હોય તે પણ દત્તબાવની એ પરિવાર માટે એટમબોંબ બની ગઈ.
આવા તો ઘણા બનાવો છે. પરંતુ આવા ચમત્કારો સાંભળીને દત્તબાવની કરવા લલચાવાનું નથી.
આ સ્તોત્ર આપણને ભગવાનમાં ભરોસો રાખતાં શીખવાડે અને મનને શાંત કરતાં શીખવાડે એ મહત્ત્વનું છે.
ચાલો બાળકો, તમે પણ દત્તબાવની ગાતાં શીખી જાવ.
જુદા જુદા રાગમાં ગવાય એવી આ દત્તબાવની છે.
પણ એનો મૂળ રાગ તો 'સારંગ' છે.
એ રાગમાં દત્તબાવની ગાતાં પહેલા શીખજો.

●

# (૭)
# ⁂ દત્તબાવની અંગે અવધૂતી વિનોદ ⁂

પૂ.શ્રી અવધૂતજીએ સઈજમાં દત્તબાવની રચી.

તા. ૪થી ફેબ્રુઆરી, ૧૯૩૫ના રોજ બાવની રચાયેલી.

આ દત્તબાવનીથી લોકોનાં સંકટો દૂર થવાં લાગ્યાં.

આ સંકટવિમોચનસ્તોત્ર રંગ પરિવારમાં એટમબોંબનું કામ કરવા લાગ્યું.

દત્તબાવની દ્વારા લોકો પોતાની કામના સિદ્ધ કરવા લાગ્યા.

દત્તબાવનીમાં બે પંક્તિ આવી છે:

દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્રય તેના જાય.

અને

બાવન ગુરુવારે નિત નેમ, કરે પાઠ બાવન સપ્રેમ.

એક ભાઈના મનમાં આ પંક્તિ વસી ગઈ.

એણે દર ગુરુવારે દત્તબાવનીના બાવન પાઠ કરવાનું શરૂ કર્યું.

થોડા ગુરુવાર આ રીતે પાઠો કર્યા.

પછી સિદ્ધિ મળી એવું લાગ્યું નહિ.

પૂ.બાપજીએ તો સિદ્ધિ દાસી થઈ જશે એવું કહ્યું છે જયારે અહીં તો સિદ્ધિનો કોઈ અણસાર જ નથી.

આ ભાઇ તો આવ્યા નારેશ્વર.
નારેશ્વર આવી પૂ.શ્રીને પગે લાગી ફરિયાદ કરવા લાગ્યા.
કહેવા લાગ્યા: "બાપજી! તમે તો દત્તબાવનીમાં દાસી સિદ્ધિ થાય એવું લખ્યું છે પણ મારે તો આવી કોઇ સિદ્ધિ પ્રાપ્ત થઇ જ નથી.
મેં તો બાવનીના ઘણા પાઠો કર્યા છતાં તમે જણાવેલું ફળ મળ્યું નથી."
પૂ.બાપજીએ એમની વિનોદી વૃત્તિનો પરિચય કરાવ્યો.
એમણે કહ્યું કે તું જે અર્થ સમજ્યો છે તે અર્થમાં આ લીટી લખાઇ જ નથી.
તું ખોટું સમજ્યો છે.
પેલા ભાઇ તો દિઙમૂઢ થઇને જોઇ જ રહ્યા.
પૂ. અવધૂતજીએ કહ્યું કે તેની એટલે કે તેની ઘરવાળી.
દાસી સિદ્ધિ થાય એટલે તેની ઘરવાળી સીધેસીધી દાસી થઇ જાય.
એટલે લોકોનાં ઘર ઘરનાં વાસીદા કરતી થઇ જાય.
તો તમને આવો અનુભવ નથી થયો?
પેલા ભાઇ તો સાંભળી જ રહ્યા.
આજુબાજુ ઊભેલા ભક્તો તો આ સાંભળીને ખડખડાટ હસી પડ્યા.

દત્તબાવનીના બાવન પાઠો કરવાથી મનને શાંતિ મળે, ઘરમાં મનમેળ રહે અને આધ્યાત્મિક ઉન્નતિ થાય. ભૌતિક લાભ તો ગૌણ વસ્તુ છે.
પૂ.શ્રીએ પોતાનું તપોબળ આ દત્તબાવનીમાં મૂક્યું છે. એટલે એના પાઠો કરવાથી લાભ તો થાય, થાય ને થાય જ.

•

## (૮)
## ❊ નાના ભાઈ નારાયણ ❊

રુકમામ્બાને બે દીકરા.
મોટો પાંડુરંગ અને નાનો નારાયણ.
પાંડુરંગ (પૂ.બાપજી) પાંચ વર્ષના હતા અને નારાયણ ત્રણ વર્ષના હતા ત્યારે પિતાનું શિરછત્ર ગુમાવ્યું.
પાંડુરંગથી નારાયણ બે વર્ષ નાના.
મા રુકમામ્બાના શિરે બંને બાળકોને ઉછેરવાની જવાબદારી આવી પડી.
નાના નારાયણ પણ તેજસ્વી અને જોશીલી જબાનના.
કોઈની મજાક મશ્કરી સહન ના કરે.
મશ્કરી કરનારને વળતો જવાબ મળે અને તે પણ એની બોલતી બંધ થઇ જાય એવો જવાબ.

એક વાર કોઈએ નારાયણભાઈની મશ્કરી કરવા વિચાર્યું. ગંભીર મોં કરીને કહેવા લાગ્યા કે નારાયણ! મેં સાંભળ્યું છે કે તું પરદેશ જવાનો છું. તારી તૈયારી કેવી ચાલે છે? નારાયણભાઈ સમજી ગયા કે ગરીબ સમજીને મારી મશ્કરી કરે છે.

પરંતુ એમણે પણ ગંભીરતાથી જ જવાબ આપ્યો કે "તમારી વાત સાચી છે. પરદેશ જવાની તૈયારી તો થઇ ગઈ છે. પણ એક મુશ્કેલી છે."

પેલા ભાઈએ પૂછ્યું: "શું મુશ્કેલી છે?"

એટલે નારાયણભાઈએ કહ્યું કે "એક રસોઈયા (બાવરચી)ની શોધમાં છું. બાવરચી મળે એટલે પત્યું સમજો.

જો તમે બાવરચી તરીકે આવવા તૈયાર હો તો કામ પતી જાય."

ઈંટનો જવાબ પથ્થરથી મળશે એવી ધારણા ન હતી. પેલા ભાઈ તો શરમિંદા થઈને જતા જ રહ્યા.

પૂ.શ્રીએ નારેશ્વરમાં આસન મૂક્યું એટલે હવે રુકમામ્બાની જવાબદારી નારાયણભાઈના શિરે આવી પડી.

એમણે મુંબઈમાં શિક્ષકની નોકરી સ્વીકારી.

ભાટિયા સ્કૂલમાં શિક્ષક બન્યા.

પૂ. રુકમામ્બા અને નારાયણભાઈ મુંબઈમાં સુખેથી દિવસો પસાર કરે છે.

પરંતુ ત્યાં નારાયણભાઈની તબિયત બગડી.

અસાધ્ય વ્યાધિ થયો.

પૂ.શ્રી નાના ભાઈને અને માતુશ્રીને નારેશ્વર લઈ આવ્યા.

●

## (૯)

## ⁂ નારાયણભાઈ નારેશ્વરમાં ⁂

નાના ભાઈ નારાયણ ભાટિયા હાઈસ્કૂલમાં શિક્ષક.

મુંબઈમાં માતુશ્રી સાથે જીવન વીતાવે.

શરીર બગડ્યું.

રોગે પોતાની પકડ મજબૂત બનાવી એટલે પૂ.શ્રી એમને અને પૂ.માજીને નારેશ્વરમાં લઈ આવ્યા.

સને ૧૯૩૬ના એપ્રિલ મહિનાની શરૂઆતમાં નૈમિષારણ્ય સમા નારેશ્વરમાં પૂ.શ્રી એમના માતુશ્રી અને નાના ભાઈ નારાયણ ત્રણે ભેગા મળ્યા.

ગોધરામાં ભેગા રહેતા હતા તે હવે દશ-અગિયાર વર્ષ પછી નારેશ્વરમાં ભેગા રહેવાનું થયું.

નારાયણભાઈની તબિયતથી પૂ.શ્રી ચિંતિત હતાં.

ભગવાન શંકરનું સ્તવન કરતું સ્તોત્ર લખ્યું.

ભગવાનને પ્રાર્થના કરી. 'મંત્રગર્ભમૃત્યુંજય સ્તોત્ર 'દ્વારા પૂ.શ્રીએ સદાશિવને પ્રાર્થ્યા.

નારેશ્વરનું પવિત્ર વાતાવરણ.

પૂ.શ્રીની સતત રહેતી અમીદષ્ટિ.

અતિથિગૃહનું કામકાજ ચાલતું હતું એટલે પચાસથી સો માણસ કામ કરતું હતું.

નિર્જન વનને બદલે સ્થાન માણસોથી ભર્યું ભાદર્યું લાગતું હતું.

પૂ.શ્રીને પરિણામની પહેલેથી ખબર હતી જ તેથી બધાને સાવધ રહેવા સૂચવતા હતા.

ઉનાળાની સતત ગરમી હતી.

પરંતુ આ ગરમી નાના ભાઈને સતાવે નહિ એની પૂરી કાળજી લેવાતી હતી.

બહારની ગરમીનો સામનો થઈ શકે પરંતુ વ્યાધિને કારણે શરીરની અંદર થતી ગરમીનું શું?

એનો ઉપાય પણ શું?

નારેશ્વરનું દિવ્ય વાતાવરણ એ આંતર ગરમીને ઓછી કરવાનો પ્રયત્ન કરતું હતું- નારાયણભાઈનું મન પણ શાંતિ અનુભવતું હતું છતાં ઊંડે ઊંડેમન મૂંઝાતું હતું. એ મનની મૂંઝવણ શું હતી?

●

# (૧૦)

# ✻ મનનો મૂંઝારો ✻

પૂ. અવધૂતજીએ સને ૧૯૨૫માં નારેશ્વરમાં પહેલ વહેલું આસન મૂક્યું.

એટલે નારાયણભાઈ અને રુકમામ્બા સાથે રહ્યા.

ગોધરામાં સાથે અને મુંબઈમાં પણ સાથે.

નારાયણભાઈનો વ્યાધિ પણ એવો કે હવે એને છોડીને માજીથી જવાય નહિ.

મુંબઈમાં હોસ્પિટલમાં દાખલ કર્યા ત્યારે પણ બધી સંભાળ તો માજીએ જ રાખવી પડતી.

પૂ.શ્રી મુંબઈ ગયા પણ હતા.

છતાં માજીની જવાબદારી તો ઓછી થઈ ન હતી.

નારાયણભાઈને નારેશ્વરમાં લાવ્યા એટલે હવે બધી જવાબદારી પૂ.શ્રીએ પોતાને માથે લઈ લીધી.

પૂ.શ્રીને તો ભવિષ્યમાં શું થવાનું છે તેની જાણ હતી જ પણ પૂ.માજીના સંતોષ માટે સારવારમાં કોઈ કચાશ ન રાખી.

નારાયણભાઈના મનને શાંતિ મળે એની બધી જ કાળજી રખાતી હતી.

પરંતુ પૂ.શ્રીને ખ્યાલ આવી ગયો કે નારાયણનું મન કોઈ વાતે મૂંઝાય છે.

નારાયણભાઈના મનનો મૂંઝારો પૂ.શ્રી પામી ગયા.
એમણે નારાયણભાઈને કહ્યું: "માજીની તમે જરાય ચિંતા ન કરશો. અહીં હું એમની પૂરેપૂરી સંભાળ રાખીશ અને સેવા કરીશ.
અને જે વખતે મને લાગશે કે મારી ત્યાગવૃત્તિથી એમની સેવામાં ઉણપ આવે છે તે દિવસે જરૂર પડશે તો હું નોકરી-ધંધો પણ સ્વીકારવામાં જરાય અચકાઈશ નહિ. એ માટે તમે નિશ્ચિંત રહો."
પૂ.શ્રીનો આવો અભય કોલ સાંભળીને નારાયણભાઈનો મનનો મૂંઝારો જતો રહ્યો.
મન પ્રસન્ન થઈ ગયું.
બસ! હવે માજીની ચિંતા મનમાંથી નીકળી ગઈ.
અને હૈયામાં વિશ્વાસ જાગ્યો કે હવે હું હોંઉ કે ના હોંઉ પણ માજીની પૂરેપૂરી કાળજી લેવાશે.
પૂ.શ્રીએ ભગવાન સદાશિવનું સ્તોત્ર રચ્યું, નારાયણભાઈને અભયકોલ આપ્યો અને પૂરતી સંભાળ લીધી છતાં બનવાકાળ જે બનવાનું હતું તે તો બનીને જ રહ્યું.

●

# (૧૧)
## ⁂ નારાયણભાઈનું નિધન ⁂

સને ૧૯૩૬ની સાલ. મે મહિનો.
શુક્રવાર ને તા. ૨૯.
સંવત ૧૯૯૨ના જેઠ માસની સુદી નોમ.
નારાયણભાઈની તબિયત વધુને વધુ બગડતી જતી હતી.
નારાયણભાઈ પાસે પૂ.શ્રી બેઠા હતા.
બૂઝાતા પહેલાં દીવો વધુ પ્રકાશ આપે.
એમ નારાયણભાઈના મોં પર વધુ સ્વસ્થતા અને શાંતિ જણાતી હતી.
આ સ્વસ્થતા છેતરી જાય એવી છે એ પૂ.શ્રી જાણતા હતાં એટલે બધાને અવારનવાર સૂચનો કરતાં હતાં- સાવધાન કરતાં હતાં.
આખો દિવસ બ્રાહ્મણો વેદપાઠ કરતા રહ્યા.
ગીતા પાઠ થતા રહ્યા.
ધૂપની સુગંધથી વાતાવરણ હર્યું ભર્યું બની રહ્યું.
સૂર્યનારાયણ અસ્તાચળ પર ગયા.
સૂર્ય નારાયણની મર્યાદા રાખીને મૃત્યુ સંતાઈને બેઠું હતું.
રાત્રી પડી. ચંદ્રમાનો ઉદય થયો.
ધીરે ધીરે વાતાવરણ શાંત બનવા લાગ્યું.

પરંતુ આ શાંતિ બિહામણી શાંતિ હતી.
વાતાવરણ પર મૃત્યુનો પંજો ભીંસાતો જતો હતો.
રાત્રીના અગિયાર-સાડા અગિયાર થવા આવ્યા હશે.
પૂ.શ્રી તો તૈયાર જ હતા. જાણતા જ હતા કે હવે નારાયણ દેહ છોડી દેશે અને બન્યું પણ એવું જ.
એ રાત્રીએ સાડા અગિયાર વાગે નારાયણનો દેહવિલય થયો, નારાયણભાઈ મૃત્યુ પામ્યા.
પૂ.માજીએ આ જોયું પણ સહન ના કરી શક્યા.
એમણે કારમું કલ્પાંત કર્યું. હૈયાફાટ રોકકળ કરી.
માજીને આશ્વાસન આપી શકાય એમ જ ન હતું.
પૂ.શ્રી તટસ્થતાથી પરિસ્થિતિને જોઈ રહ્યા હતા.
માજીના તો બધા અરમાન ધૂળમાં ભળી ગયા.
મોટો દીકરો સાધુ થયો ત્યારે નાના નારાયણ પર આશા હતી.
નારાયણ પરણશે અને ઘરમાં વહુ આવશે એવી એક માત્ર આશા પણ રોળાઈ ગઈ.
નાની ઉંમરે વૈધવ્યનું દુઃખ.
મોટો દીકરો પરણ્યો નહિ અને નાના દીકરાને મૃત્યુ ભરખી ગયું.
માજીને માટે રૂદન કરવાને પૂરતાં કારણો હતાં.
રેવા તટે ચંદનની ચિતા ખડકાઈ.

નારાયણભાઈના અગ્નિસંસ્કાર થયાં.
પૂ.શ્રી ચિતાની સામે બેસીને ગણગણતા હતાં:
"ના દોસ્ત દુશ્મન કોઈ હમારા હમ સદા નિ:સંગી હૈ!
સચ્ચિદાનંદ હમ ही પ્યારે બ્રહ્મ કેવલ હમ હી હૈ!"
તટસ્થવૃત્તિથી પરિસ્થિતિને નિહાળનાર પૂ.અવધૂતજીના શિરે પૂ.માજીની જવાબદારી આવી પડી.
ભગવાન પણ આપણું ધારેલું હંમેશાં ક્યાં થવા દે છે?

●

## (૧૨)
## નારેશ્વરની વિભૂતિ મા રુકમામ્બા

નારાયણભાઈનું મૃત્યુ થયું.
મા રુકમામ્બાના હૈયા પર કારમો ઘા વાગ્યો.
માજીનું કારમું કલ્પાંત જેમણે જોયું હોય તેમને જ માતાની વ્યથાનો ખ્યાલ આવી શકે.
એક બાજુ "મા"નું કલ્પાંત તો બીજી બાજુ 'મા'ની વ્યવસ્થા તથા સંભાળની જવાબદારી.
પાછું પોતાનું લક્ષ્ય તો ચૂકવાનું નહિ.
સંસારને મનમાં રાખ્યા સિવાય સંસારની જવાબદારી સંભાળવાની.
હવે પૂ.માજી શું નિર્ણય લેશે?

નારેશ્વરમાં રહેવા તૈયાર થશે કે? નારેશ્વરમાં ન રહે તો પછી ક્યાં રહેશે?

જ્યાં રહે ત્યાં એમની વ્યવસ્થા માટે શું કરવું?

એક દિવસ દાસકાકા અને કેશવલાલ શેઠ પૂ.માજી પાસે બેઠા.

વાતો કરવા લાગ્યા અને વાત વાતમાં એમણે શું વિચાર્યું તે પૂછી લીધું.

પૂ.માજીએ મનોમન નક્કી કર્યું કે બસ! હવે નારેશ્વરમાં જ રહેવું છે નારેશ્વર છોડીને બીજે ક્યાંય જવું નથી.

પૂ.શ્રીનું મનોમંથન મુ. મોદીકાકા સાથેના પત્ર વ્યવહારમાં સ્પષ્ટ થાય છે.

"ભાઈ નારાયણ અનેક આશા-નિરાશા વચ્ચે ઝોલાં ખાઈ ગઈ કાલે રાત્રે લગભગ ૧૧॥ વાગે દેવશરણ થયો છે.

અવધૂતનું તો આ ઘણા લાંબા સમયથી ચોક્કસ ભવિષ્ય જ હતું એટલે એનું આશ્ચર્ય કે હર્ષ વિષાદ નથી. છતાં આ બનાવથી અનેક અભૂતપૂર્વ વિકટ પ્રશ્નો-એની Mother સંતોષ પૂરતી ક્રિયા, Motherનું તતઃ કિં, અવધૂતનું ભાવિ રહેઠાણ વગેરે ઊભા થયા છે........ જો થોડા ઘણા પણ જન તેને અંતઃકરણપૂર્વક પોતાની ધર્મમાતા માની તન, મન અને ધનથી સેવા કરવા તૈયાર

ન હોય તો અવધૂતે પોતાનો નિર્ણય કરી લેવાનો જ રહ્યો ને એ માટે સમય નથી.”

પરંતુ અવધૂતના સમર્પિત ભક્તોએ અવધૂતની માતાને પોતાની માતા માની લીધી.

માજીની સાર સંભાળ રાખવાની બધી વ્યવસ્થા ભક્તોએ ઉઠાવી લીધી. કેવી હતી વ્યવસ્થા?

•

## (૧૩)

## દેવમાતા રુકમામ્બા

અવધૂત અમારો દેવ.

અમારો ભગવાન.

અવધૂતની માતા એટલે અમારી દેવમાતા.

અવધૂતને રાજી રાખવો એ અમારી ભક્તિ.

અવધૂત પ્રસન્ન રહે એ અમારું લક્ષ્ય.

ભકતોએ નક્કી કર્યું કે રુકમામ્બાને જીવની જેમ જાળવીશું.

હવે મા રુકમામ્બાને નારેશ્વરમાં જ રાખશું.

નારેશ્વરનું એકાંત સ્થાન.

એમાં અવધૂત તો એકલા રહેતા હતાં પણ હવે મા રુકમામ્બા પણ રહેવા લાગ્યા.

માતાજીની સેવા કરવા માટે બહેન જોઈએ.
પુરુષનું કામ નહિ.
પરંતુ એકલી સ્ત્રી આવા સ્થાનમાં રહેવા આવે તે યોગ્ય ના ગણાય.
સંસારની રીત રસમને અવધૂત બરાબર સમજે.
કોઈ આંગળી ચીંધે એવું કરવાનું નહિ.
જગતની કસોટીમાંથી હેમખેમ પાર ઉતરવાનું.
અવધૂતજીએ સૂચવ્યું તે ભક્તોએ સ્વીકાર્યું.
જે કોઈ સ્ત્રી માજીની સેવામાં આવે તેણે પોતાના પતિની સાથે આવવાનું.
કોઈ સ્ત્રી પતિ સાથે આવી શકે એમ ના હોય તો મોટી ઉંમરવાળા પુત્ર સાથે આવવાનું.
પતિ-પત્ની પૈકી પત્ની માજીની સેવામાં રહે અને પતિ અવધૂતજીની સેવામાં રહે.
અવધૂતજી પોતે તો નૈષ્ઠિક બ્રહ્મચારી હતાં પરંતુ જગતમાં રહેતી વખતે જગત જેને યોગ્ય ગણે તેવો વ્યવહાર ગોઠવતાં.
શુનિ ચૈવ શ્વપાકે ચ પંડિતા સમદર્શિનાઃ ।
પરંતુ સમદર્શિનાઃ ખરા પણ સમવર્તિનાઃ નહિ.
સમજવું, સમદૃષ્ટિ રાખવી એ એક વાત પણ વર્તન કરતી વખતે તો જે રીતે વર્તન થતું હોય તે રીતે જ વર્તન કરવાનું.

માતા અને પત્ની બંનેમાં રહેલો આત્મા એક જ છે એમ સમજવાનું ખરું પરંતુ વ્યવહારમાં માતાને પગે લાગવાનું, પત્નીને નહિ.

બસ! પોતાના આરાધ્ય દેવને સંતોષવા માટે ભક્તો બધું કરવા તૈયાર હતા.

એક એક મહિનો પતિ-પત્ની સેવામાં આવતાં.

માતાજીની અને અવધૂતજીની સેવા કરતાં.

પડ્યો બોલ ઝીલી લેતા.

બંનેનું મન સાચવતા.

આ પણ એક પ્રકારની તપશ્ચર્યા જ હતી ને!

ધીરે ધીરે માજી પણ નારેશ્વરમાં સ્થિર થતા જતા હતા.

હૈયાનું દુઃખ હળવું થતું જતું હતું.

પૂ.શ્રી અવધૂતજી પણ માતાજીને રાજી રાખવાના બધા પ્રયત્નો કરતા હતા.

માતાની આજ્ઞા સર્વોપરી.

માતા મારી સુપ્રીમ કોર્ટ. માતાથી બીજું દૈવત કાંઇ નહિ.

બસ! નૈમિષારણ્ય સમા નારેશ્વરમાં વિભૂતિ મા રુકમામ્બાની સ્થાપના થઇ એમ જ સમજો.

●

# (૧૪)
# ❈ ધૈર્યમૂર્તિ રુકમામ્બા ❈

પૂ. રુકમામ્બાએ નિર્ણય કર્યો કે હવે હું નારેશ્વરમાં જ રહીશ.

બીજાનો વિચાર કરે તે જ સંત કહેવાય.

"અન્યને ઉપાધિરૂપ ન થવાય એવું જીવન એ જ સત્કર્મ" એવું પૂ.શ્રીએ શ્રીમુખે કહ્યું છે.

અને "સત્કર્મ એ સ્વયં આશીર્વાદરૂપ છે" એવું પણ પૂ.શ્રીએ કહ્યું છે.

આમ પોતાના પનોતા પુત્રની તપસ્યાની પૂર્તિરૂપ જીવન જીવવાનું રુકમામ્બાએ નક્કી કર્યું.

ધીરજ, ધર્મ, મિત્ર અને નારી પરીક્ષા સંકટ સમયે થાય છે એવું સંત તુલસીદાસ કહે છે.

માતા રુકમામ્બાએ ધીરજ અને ધર્મ બંનેને બરાબર સાચવ્યા.

ચોવીસ વર્ષની નાની વયે પતિનું છત્ર ગુમાવ્યું.

પાંડુરંગ પાંચ વર્ષનો અને નારાયણ ત્રણ વર્ષનો.

આર્થિક સ્થિતિ સામાન્ય.

પોતાનું ગૌરવ જાળવીને જીવવાનું.

ધર્મ અકબંધ જાળવવાનો.

દીકરા મોટા થશે પછી જીવનમાં સુખનો સૂરજ ઉગશે એવી એક માત્ર આશા.

દુ:ખ વેઠીને સંતાનોને ઉછેર્યા.

પૂ.શ્રીએ લગ્ન નહિ કરવાનો નિર્ણય લીધો ત્યારે પૂ. રુકમામ્બાની આશાના ચૂરેચૂરા થઇ ગયા.

લગ્ન નહિ કરવાના નિર્ણયની સાથે સને ૧૯૨૫માં ઘર છોડ્યું.

માતાએ આ સ્થિતિનો સામનો ધીરજથી કર્યો.

હવે આશા રાખી નાના નારાયણની.

નારાયણભાઇ શિક્ષક બન્યા. મુંબઇ ગયા.

માતાને પણ જોડે રાખ્યા.

સુખનો સૂરજ હવે ઉગશે એવી આશા બંધાઇ.

પણ સુખના સૂરજનું કિરણ જીવનમાં પથરાય એ પહેલાં તો નારાયણભાઇને કાળ ભરખી ગયો.

એકમાત્ર આશા ઉપર પાણી ફરી વળ્યું.

પૂ.માજીએ ખૂબ કલ્પાંત કર્યું.

પૂ.શ્રીએ પણ માજીને સાંત્વના મળે એ રીતનું જીવન ગોઠવ્યું.

ધૈર્યમૂર્તિ મા રુકમામ્બાએ મનોમન નક્કી કર્યું: “મારે મારું દુ:ખ કોઇને કહેવું નથી. પુત્રની તપશ્ચર્યામાં આડે આવવું નથી.

મને દુ:ખી જોઈને એ દુ:ખી થાય છે તો હવે એને દુ:ખી થવા દેવો નથી."

નારાયણભાઈના મરણના દુ:ખનો ઝેરનો ઘૂંટડો માજી પી ગયા.

અંતરમાં તો નારાયણનું સ્મરણ રહેતું જ હતું પણ બહારથી પૂ.માજીએ નારેશ્વરને નૈમિષારણ્ય બનાવવા માટે કમર કસી.

હવે પૂ.માજી નારેશ્વરના નાથની સુપ્રીમકોર્ટ બન્યા.

ધૈર્યમૂર્તિ એવા પૂ.રુકમામ્બાને લાખ લાખ પ્રણામ.

●

## (૧૫)
## શ્રીગુરુલીલામૃત ગ્રંથના જ્ઞાનકાંડનું પ્રકાશન

પોતાના ગુરુમહારાજના સ્વપ્નાદેશને માથે ચઢાવી પૂ.શ્રીએ શ્રીગુરુલીલામૃત ગ્રંથની રચના કરી.

શરૂઆતના ૩૧ અધ્યાય સરખેજમાં લખાયા.

રતનલાલ મહાત્માની જામફળીના ખેતરમાં ગ્રંથની શરૂઆત થઈ.

નારેશ્વરમાં આસો વદ ૧૨, સંવત ૧૯૮૮ના રોજ ગ્રંથની સમાપ્તિ થઈ.

આવો દિવ્યગ્રંથ રચ્યો હોવા છતાં કોઈ યોગ્ય વ્યક્તિને જ એમણે આ અંગે વાત કરી.

છપાવવા માટે ઉતાવળ ન કરવાની મુ. મોદીકાકાને સૂચના આપી.

ગમે તેવા પૈસાથી ગ્રંથ ન છપાય એની કાળજી રાખવાની હતી.

પ્રતિષ્ઠાને ભૂંડની વિષ્ઠા માનનાર પૂ.અવધૂતજી આવી બાબતમાં ખૂબ જ તકેદારી રાખતા.

“દેવનું કાર્ય દેવ કરે છે” એ સૂત્રાનુસાર ભગવાને ગ્રંથ છપાવવો હશે ત્યારે બધી વ્યવસ્થા કરશે એવો દૃઢ વિશ્વાસ.

આ દરમ્યાન મુ. મૂળીબેન ભયંકર માંદગીમાં સપડાયા એમને એવું લાગ્યું કે હવે આ શરીર નહિ રહે.

એમણે પોતાની પલ્લાની રકમમાંથી શ્રીગુરુલીલામૃતનો જ્ઞાનકાંડ છપાવવાનો નિશ્ચય કર્યો.

એમણે પોતાના પિતાશ્રી હરગોવિંદદાસ-દાસકાકા-ને કહ્યું કે તમે મુ. મોદીકાકાને બોલાવો.

મારે એમની સાથે થોડી વાત કરવી છે.

મુ. દાસકાકાએ કહ્યું કે તને મારામાં વિશ્વાસ છે કે નહિ! તું મને કહે. તું જે કહેશે તે પ્રમાણે કરીશું.

છતાં મુ. મોદીકાકાને બોલાવ્યા.

મુ. મૂળીફોઈએ પોતાની ઈચ્છા વ્યકત કરી.

શ્રીગુરુલીલામૃતના જ્ઞાનકાંડનું પ્રકાશન મુ. મૂળીફોઈના દ્રવ્યમાંથી થાય તો વાંધો નહિ એવી પૂ.શ્રીએ મંજૂરી આપી.

અને સને ૧૯૩૪ એટલે કે સંવત ૧૯૯૦ના દશેરાને દિવસે- વિજયા દશમીને દિવસે જ્ઞાનકાંડ પ્રકાશિત થયો.

મુ. મૂળીફોઈનો શુભ સંકલ્પ ફળ્યો અને એમની માંદગી પણ ધીરે ધીરે દૂર થઈ.

પછી તો મૂળીફોઈ ઘણું જીવ્યાં.

●

## (૧૬)

## અવધૂતની અંતરવ્યથા

પ.પૂ. અવધૂતજીનો મહિમા દિવસે દિવસે વધવા લાગ્યો.

સંસાર તો સ્વાર્થી છે.

પોતાના પ્રશ્નોનો, દુ:ખનો, સંકટનો ઉકેલ એટલે અવધૂતજી. બસ! એમ માનીને બધા દોડે.

શ્રદ્ધા કે નિષ્ઠા નહિ પણ કેવળ લોભ ને સ્વાર્થ.

સુખ મેળવવાની લાલચ.

બહારથી એમ લાગે કે દર્શને આવ્યા છે પણ મૂળ તો દુ:ખનાં રોદણા જ રડવા આવ્યા હોય.
સ્વાર્થ તો આંધળો છે એટલે પૂ. બાપજીને શું તકલીફ પડે છે તેનો તો વિચાર કરવાનો જ નહિ.
સંતો પાસે સિદ્ધિ હોય છે પણ તેનો ઉપયોગ બજારમાં વેચાતી વસ્તુની જેમ કરવાનો હોતો નથી.
સંત પાસે જઇને તો જીવન સાત્ત્વિક કેમ બને તે પૂછવું જોઇએ.
આત્માનું કલ્યાણ કેવી રીતે થાય તે પૂછવું જોઇએ.
પરંતુ બધા જ દુન્યવી સુખ મેળવવા માટે પૂ.શ્રીનો કેડો છોડે નહિ.
પૂ.શ્રી મુ. મોદીકાકાને પત્રમાં લખે છે:
“જે આવે છે તે આજોબાનું શ્રેય અથવા શુષ્ક જ્ઞાનની લમણાઝીક વગર બીજું કંઇ જ કરતું નથી.
આત્મશ્રેયની ભાગ્યે જ કોઇને પડી છે.
આજોબાનું શ્રેય પણ એકાદવાર કરી આપવાથી નભતું નથી.
લોકો અવધૂતને નીચોવવા બેઠા છે અને આ મફતિયો-અવધૂત બધાંને ઠીક પસંદ પડી ગયો છે.”
અવધૂતજીની આ અંતર વેદના હતી.

સ્વાર્થ માટે અવધૂતજીના દર્શને આવનારા હતાં તો બીજી બાજુ લોકોમાં દત્તભક્તિને પાંગરતી જોઈ એનો ગેરલાભ ઉઠાવનારા તરકટી ગુરુ પણ તૈયાર થયા હતા. લોકોને કેમ ફસાવવા એની ઘણાને સારી સમજ હોય છે. ભોળા લોકો ઠગાવા લાગ્યા.

લોભી હોય ત્યાં ધૂતારાની ખોટ ક્યાંથી હોય?

દત્તપ્રભુના નામે લોકોને છેતરવા લાગ્યા.

પોતે અવધૂતજીના શિષ્ય છે એ નામે ઠગાઈ ચાલી.

પોતે ગુરુ બનીને શિષ્યોને મૂંડવા લાગ્યાં.

પૂ.બાપજી પાસે ફરિયાદો આવવા લાગી.

પૂ.અવધૂતજીએ કરેલી તપશ્ચર્યા અને ફેલાવેલી દત્તભક્તિનો આ ઢોંગી ગુરુઓ દુરુપયોગ કરવા લાગ્યા.

પૂ.શ્રીને લાગ્યું કે આ તો કેમ ચલાવી લેવાય?

ભગવાનના નામે ભોળા માણસોને છેતરવાનો ધંધો ના ચાલવા દેવાય.

એમણે એક પત્રમાં પોતાની અંતર વ્યથા વ્યક્ત કરતાં મુ. મોદીકાકાને લખ્યું કે: "ગુજરાતમાં દત્તોપાસનાના પ્રચારક ગુરુઓનો રાફડો ફાટવા માંડ્યો છે.

ને અનેક ઢોંગીઓ એ નામે લોકોને ભોળવી રહ્યા છે.

એટલે અવધૂતને ફર્યા વગર છૂટકો નથી.

પણ એ રહ્યો મૂગો પ્રચારક એટલે તમે લોકો પ્રમાદ બાજુએ મૂકી થોડો ભજનનો રંગ નહિ જમાવો ને એ સુવાસથી આજુબાજુનું વાતાવરણ શુદ્ધ નહિ કરો તો આગળ માઠી દશા છે.

આ જયંતી એકદમ ભવ્ય અને દિવ્ય થવી જોઈએ.

તબિયત અનુકૂળ હશે તો હું આસો મહિનો વાતાવરણ જમાવવા બહાર નીકળી પડું છું.”

પૂ. બાપજીને કેટલું દુઃખ થયું હશે, એમની અંતર વ્યથા કેવી હશે તેનો ખ્યાલ આ પત્ર ઉપરથી આવે છે.

સિંહ શિકાર કરે પછી એની પાછળ પાછળ ફરનારા શિયાળવાં વધ્યું ઘટ્યું ખાતાં હોય છે પરંતુ આ ઢોંગી ગુરુ તો વગર મહેનતે જ બધું મેળવવાની પેંતરાબાજીમાં પડ્યા હતાં.

અવધૂતજીને લાગ્યું કે આ તો અટકાવવું જ જોઈએ.

સાચું કરવું એટલું પૂરતું નથી.

ખોટું કરનારાને પડકારવું પણ પડે.

●

## (૧૭)
# વંધ્યા ભેંસ દૂઝવી દેવ!!

એક ગુરુ પૂર્ણિમાએ ભકતોને વરસાદમાં ભિંજાતા જોયાં. સ્ત્રીઓ અને છોકરાંઓને પલળતાં જોયાં અને કરુણાના સાગર એવા અવધૂતજીએ મકાન ઊભું કરવાની મંજૂરી આપી અને અતિથિગૃહની રચના થઈ.

મકાન બંધાઈ ગયું.

ગંગા નામની છોકરીએ કરેલી સેવાના ફળ સ્વરૂપે અવધૂતજી લીલીપરા જઈ આવ્યા.

આ અતિથિગૃહનું કામ ચાલતું હતું ત્યારે પાણી લાવવા માટે એક વાંઝણી ભેંસ લાવ્યા હતા.

આ ભેંસ ચતુરભાઈ થાણદાર લાવ્યા હતા.

રેવાજીના ઘાટ ઉપરથી પાણી લાવવાનું હતું.

ભેંસ આ કામ કરતી હતી.

અતિથિગૃહ બંધાઈ ગયું. પાણી લાવવાનું રહ્યું નહિ.

ભેંસની હવે જરૂર રહી નહિ.

આ ભેંસ તો પાછી વંધ્યા હતી.

દૂધ તો આપતી ન હતી.

હવે આ ભેંસનું કોઈ કામ ન હતું.

ભેંસનો કોઈ ઉપયોગ રહ્યો ન હતો.

હવે આ ભેંસનું શું કરવું?

જે ભેંસ મદદરૂપ હતી તે હવે માથાના દુ:ખાવારૂપ બની ગઇ.
ગરજ સરીને વૈદ્ય વેરી જેવું થયું.
સ્થાનમાં બાંધી રાખીએ તો રોજ ચારો ખવરાવવાની વ્યવસ્થા કરવી પડે.
છૂટી મૂકી દઇએ તો લોકોના ખેતરમાં ઘૂસી જઇને પાકને નુકસાન કરે.
મોટો પ્રશ્ન ઊભો થઇ ગયો.
મદદરૂપ બનેલી ભેંસ હવે બલારૂપ બની ગઇ.
ભક્તોની મૂંઝવણ અવધૂતજી જાણી ગયા.
સંસારના સ્વાર્થી લોકો કેવા હોય છે?
પૂ.બાપજીએ દાસકાકાને પૂછ્યું કે: "દાસ! તમે બધા શી મૂંઝવણમાં પડ્યા છો?"
એટલે દાસકાકાએ ખૂલ્લા દીલે વાત કરી દીધી.
"બાપજી! હવે આ ભેંસનું શું કરવું?
હવે એ બોજારૂપ બની ગઇ છે."
પૂ. અવધૂતજી હસ્યા અને પછી દાસકાકાને કહ્યું કે:
"બસ! કામ પતી ગયું એટલે હવે ભેંસ બલા બની ગઇ?"
પછી અવધૂતજીએ ચતુરભાઇ થાણદારને આજ્ઞા કરી કે: "આ ભેંસ તમે તમારા ઘરે લઇ જાવ.
એને ઘરે લઇ જઇ કાછીના લીલા ઝાલર ખવરાવજો.

એ તમને ભારે નહિ પડે.”
અવધૂતની આજ્ઞા તો શિરોમાન્ય.
આદરણીય ચતુરભાઇ ભેંસને લઇ ગયા ઘેર.
દિવેર એમનું ગામ.
પૂ.શ્રીની આજ્ઞા પ્રમાણે લીલા ઝાલર ખવડાવવા લાગ્યા.
લોકો તો મશ્કરી પણ કરે.
ભેંસ છોડી મૂકવાની સલાહ પણ આપે પરંતુ ચતુરભાઇ તો ગુરુની આજ્ઞાનું પાલન કરે.
ભગવાનનું કરવું તે ભેંસ ઝાંભણી થઇ.
એ ભેંસ વિયાઇ અને દૂધ આપતી થઇ.
લોકો તો જોઇને દંગ થઇ ગયા.
અવધૂતજીની લીલાની વાહ વાહ કરવા લાગ્યા.
આ ભેંસના દૂધમાંથી ચતુરભાઇએ ઘી બનાવ્યું અને લોટો ભરીને ઘી નારેશ્વર લઇ ગયા.
જે લીલા નૃસિંહસરસ્વતી સ્વામીએ કરી હતી તે જ લીલા નારેશ્વરના અવધૂત બાપજીએ કરી.

●

# (૧૮)
# ❉ માતા માતૈવ કેવલમ્ । મા તે મા ❉

નાનાભાઈ નારાયણનું નિધન થયું.
પૂ.માજીના હૈયે કારમો ઘા વાગ્યો.
પણ પૂ.માજીએ નારેશ્વરમાં જ રહેવાનો નિર્ણય કર્યો.
ભક્તો પોતાની પત્નીને લઈને સેવામાં આવવા લાગ્યા.
એક એક મહિનો રહેવા લાગ્યા.
આ બાજુ શ્રવણની યાદ અપાવે એવી જીવનચર્યા અવધૂતજીએ ગોઠવી.
મા તે મા. 'મા'થી શ્રેષ્ઠ બીજું દૈવત નથી એવી સમજથી 'મા'નો રાજીપો સાચવવા અવધૂતજીએ પોતાનો દૈનિક કાર્યક્રમ ગોઠવ્યો.
અવધૂતજી સવારમાં વહેલા ઊઠે.
સ્નાન કરીને સૌથી પહેલાં માજીને પ્રણામ કરે, પગે પડે.
માના આશીર્વાદ મેળવે.
માજીને ઠંડી ન લાગે એટલા માટે અવધૂતજી સગડી સળગાવે.
પૂ.માજીના કપડાં પણ જાતે જ ધૂએ.
માની સેવા એ જ સાચી ભક્તિ છે એવું સંસારને બતાવ્યું.
પૂ.માજીને સ્નાન કરવા માટે રેવાજળની જરૂર પડે.
પૂ. અવધૂતજી કાંધે કાવડ મેલી રેવાજળ લાવે.

પોતાનો પુત્ર પાણી લાવે અને પૂ. માજી એનાથી સ્નાન કરે.
માના હૃદયમાં કેટલો હરખ થતો હશે?
આમ તો અવધૂતજી કોઇ ભક્તને કહે તો એ તો તરત જ રેવાજળ લઇ આવે. એ રાજી રાજી થઇ જાય પણ માતૃભક્ત અવધૂતજીએ આ કામ જાતે જ કરવાનું નક્કી કર્યું.
શ્રેષ્ઠ પુરુષો પોતાના આચરણ દ્વારા લોકોને જીવન કેમ જીવવું તે શીખવાડતા હોય છે.
“જીવેલું કામ આવે છે, જાણેલું નહિ” એ વાક્ય અહીં ચરિતાર્થ થતું જોવા મળે છે.
પૂ.માજીને માટે પૂ. અવધૂતજી ઘંટીએ અનાજ દળતા.
પૂ.માજીની આચાર શુદ્ધિ પણ ખૂબ જ કડક.
ગમે તેનું અડેલું ખાય નહિ.
આપણને તો કદાચ વધુ પડતા રૂઢિચુસ્ત લાગે પરંતુ પૂ.શ્રીએ તો પૂ.માજીની ઇચ્છા સંતોષવાનું જ નક્કી કર્યું હતું.
પિતા તો નાની ઉંમરે દેવ થઇ ગયા હતા તેથી પિતાની સેવાનો લાભ ના મળ્યો પરંતુ માતાની સેવા કરવામાં જરા પણ કચાશ ના રાખી.
મા-બાપ એ પૃથ્વી ઉપરના હરતાં-ફરતાં દેવ છે.

એમને રાજી રાખવાથી જ ભગવાન રાજી રહે છે એવું માની અવધૂતજીએ ‘મા’ની સેવા કરી.

વ્હાલાં બાળકો, આપણે પણ આપણા મા-બાપની સેવા કરીએ.

આપણે આપણા મા-બાપની સેવા કરીશું તો એ જોઈને આપણા સંતાનો આપણી સેવા કરશે .

પૂ. પુનિત મહારાજ કહે છે:

“સંતાનથી સેવા ચહો, સંતાન છો, સેવા કરો.”

•

## (૧૯)
## રંગજયંતીની પાર્શ્વભૂમિકા

પૂ.શ્રી અવધૂતજીએ સને ૧૯૨૫ના ડિસેંબરમાં નારેશ્વરમાં પહેલ વહેલું આસન મૂક્યું. પછી અગિયાર વર્ષે પૂ.માજી અને શ્રીનારાયણભાઈ નારેશ્વરમાં આવ્યા. નારેશ્વરમાં નારાયણભાઈ દેવ થયા પછી પૂ.માજીએ નારેશ્વરમાં જ રહેવાનું મનોમન નક્કી કર્યું.

પૂ.માજીની સેવામાં જે કોઈ બહેન આવે તે પોતાના પતિ કે મોટા દીકરા સાથે આવે.

પતિ કે દીકરો પૂ.શ્રીની સેવામાં રહે.

પૂ.માજીના આવવાથી ભક્તોને એક મોકળાશ મળી.

પૂ.શ્રીની નાનપણની વાતો પૂ.માજી પાસેથી જાણવા મળતી હતી.
દીવેર, મીંઢોળ, સુરશામળ ગામના લોકો છેલ્લા પાંચેક વર્ષથી પૂ.શ્રી પાસે આવતા હતાં.
એકવાર મીંઢોળના પ્રભાશંકરભાઈ ગોર, દીવેરના શ્રીનાથાભાઈ અને થાણદારના નામથી ઓળખાતા શ્રીચતુરભાઈ પૂ.માજી પાસે બેઠા હતાં.
પૂ.માજી પોતાના ભૂતકાળની વાતો કરતા હતા.
વાતમાં ને વાતમાં એમણે પૂ.શ્રીના જન્મની વાત કરી.
પૂ.શ્રીનો જન્મ સોમવારે-પ્રદોષ સમયે થયો હતો એમ કહ્યું.
વળી એમ પણ કહ્યું કે એમનો જન્મ આઠમ ઉપર નોમના દિવસે થયો હતો અને તે દિવસે ગોપાષ્ટમીનો મોટો ઉત્સવ હતો.
બસ! અંગૂઠા ઉપરથી રાવણ-ચિતરી શકાતો હોય તો આટલી માહિતી ઉપરથી પૂ.શ્રીનો જન્મ દિવસ કેમ ન શોધી શકાય?
મનમાં સાચી ભાવના હોય તો કશું અશક્ય નથી.
આટલી માહિતીને આધારે આ ત્રિમૂર્તિએ જુના પંચાંગો ઉથલાવ્યા.
ગોપાષ્ટમી ને સોમવાર કઇ સાલમાં આવ્યો હતો એ શોધવા માંડ્યું.

ભગવાન પણ આવા કાર્યમાં તો સહાયભૂત બને જ.
એમની શોધ સફળ થઇ.
એમણે શોધી કાઢ્યું કે સંવત ૧૯૫૫ની કારતક સુદ નોમ એ જ પૂ.શ્રીની જન્મતિથિ છે.
એ તિથિએ તા. ૨૧મી નવેમ્બર હતી.
આમ સને ૧૮૯૮ની ૨૧મી નવેમ્બર એ પૂ.શ્રીની જન્મ તારીખ હતી અને સોમવાર હતો.
ત્રણે જણાને આ જન્મદિવસની ખાત્રી થતાં ખૂબ આનંદ થયો અને એમણે મનોમન જન્મદિવસ ઉજવવાનું નક્કી કર્યું.

•

## (૨૦)
## ❋ દીવેરમાં રંગજયંતી ❋

પૂ.માજી પાસેથી એક ઈશારો મળ્યો.
ગોપાષ્ટમીનો ઉત્સવ ને સોમવાર.
ચતુરભાઈ તો ચતુર હતા જ અને તેમાં પ્રભાશંકરભાઈની પ્રભા અને નાથાભાઈની નેતાગિરિ મળી પછી પૂછવું જ શું?
ત્રણે જણે નક્કી કર્યું કે રંગજયંતી ઉજવવી.
સને ૧૯૪૦ની સાલ. સંવત ૧૯૯૭નો કારતક માસ.

સુદ પક્ષની નોમ એટલે ૪૩મી રંગજયંતી.
આ દિવસ દીવેરમાં ધામધૂમથી ઉજવવો.
જાહેરમાં પહેલીવાર રંગજયંતીના શ્રીગણેશ થવાના હતા.
આ ત્રણે જણની પૂ.શ્રી તરફ અનન્ય શ્રદ્ધા.
અંતરનો ઊંચો ઉમળકો અને નિર્મળ ભાવ.
ત્રણે જણે પૂ.શ્રીને પ્રાર્થના કરી કે આપ દીવેર પધારો.
આપનો જન્મદિવસ જાહેરમાં ઉજવવો છે.
અવધૂતજીએ એમના ઉત્સાહ પર ઠંડુ પાણી રેડી દીધું.
એમણે કહ્યું: "નાથાભાઈ! આ જન્મદિવસ ઉજવવાનું તૂત ક્યાંથી ઊભુ કર્યું?
તમે દત્તજયંતી તો ઉજવો જ છો પછી મારી જયંતી શાની ઉજવવાની હોય?
કારતક માસમાં રંગજયંતી અને માગસર માસમાં દત્તજયંતી એમ બે ઉત્સવનો ખર્ચ ભક્તોને શિરે આવે એ યોગ્ય ના કહેવાય."
આ વાત સાંભળીને નાથાભાઈ તો નિરાશ થઈ ગયા પરંતુ એમ માની જાય તો એ નાથાભાઈ શાના?
ટૂંકાગાળાના બે ઉત્સવોના ખર્ચા ભક્તો ભોગવે એ પૂ.શ્રીને યોગ્ય લાગતું ન હતું.
આવી જયંતીની ઉજવણીથી તો અહં વધે એટલે પૂ.શ્રીએ વાત નકારી.

દીવેર અને મીંઢોળના ભક્તોએ તો નક્કી જ કર્યું હતું કે રંગજયંતી ઉજવવી જ.

મુ. નાથાભાઈએ પૂ.શ્રીને કહ્યું કે પોતાના બાપનો જન્મ દિવસ ઉજવવાનો શું દીકરાને હક્ક નથી?

બાપના જન્મ દિવસે બાળકો ભેગા થાય, નાચે અને કૂદે, ભેગા મળીને આનંદ કરે એમાં ખોટું શું?

મુ. નાથાભાઈની વાતમાં જે પ્રેમભાવ હતો તે જોઇ શકાતો હતો.

સાંભળનારાની આંખમાંથી આંસુડાની ધાર વહી જતી હતી.

ભક્તોનો ભાવ જોઈને ભગવાન રીઝ્યાં.

અવધૂતજીએ કહ્યું કેઃ નાથાભાઈ! જાવ, હું દીવેર આવીશ અને દીવેર ગામના ભક્તોએ સંવત ૧૯૯૭માં એટલે કે સને ૧૯૪૦માં પહેલ વહેલી જાહેરમાં રંગજયંતી ઉજવી.

કેવી હતી ઉજવણી?

●

# (૨૧)
# ⁂ ૪૩મી રંગજયંતીની ઉજવણી ⁂

ભક્તોના ભાવને વશ પૂ. અવધૂતજીએ નાથાભાઈની વિનંતી સ્વીકારી.

નાથાભાઈ અને આખું દીવેર ગામ આનંદના મહાસાગરમાં ડૂબી ગયું.

જાહેરમાં પહેલી વાર રંગજયંતી ઉજવવાનું માન દીવેર ગામને મળવાનું હતું.

રંગજયંતી ઉજવવા માટે કેવળ નાણાંની જ જરૂર પડતી નથી. વ્યવસ્થા શક્તિ અને શિસ્તબદ્ધ કાર્યકરોની પણ જરૂર પડે છે.

દીવેર ગામના આગેવાનોની સૂઝ-સમઝ અને વ્યવસ્થા શક્તિ ખૂબ જ સરસ હતાં.

કાર્યકરોમાં ઉમંગ, ઉત્સાહ તો હતાં જ પણ એમનામાં શિસ્ત પાલન પણ હતું.

પૂ. અવધૂતજી પ્રત્યેનો ભક્તિ-ભાવ ઊંચો.

શ્રદ્ધા અને નિષ્ઠા અડગ.

આ જ ગામમાં વર્ષો પહેલાં અવધૂતજીએ ગીતા પર પ્રવચનો કરેલાં.

ચાર્વાકપંથી નિરંજનને ભાગવું પડેલું.

એ જ ગામ આજે રંગજયંતીની જાહેરમાં ઉજવણી કરતું હતું.
કારતક સુદી આઠમ.
આખું ગામ ધજા, પતાકા અને તોરણથી શોભતું હતું.
ગામના દરવાજા કમાનથી શોભતાં હતાં.
લોકોએ પોતાના આંગણા સાથિયાં પૂરીને શણગાર્યા હતાં અને એ દ્વારા પોતાના હૃદયના ભાવો દર્શાવ્યા હતાં.
કારતક સુદ નોમને દિવસે પૂ. અવધૂતજી શણગારેલી વ્હેલમાં દીવેર આવ્યા.
સ્વાગત અને શોભાયાત્રામાં ગામના લોકો હરખભેર ઉમટ્યાં. પોતાના ગુરુદેવ પોતાના ગામમાં પધારતાં હતાં.
ધૂન ને ભજન ગાતાં ગાતાં પૂ. અવધૂત બાપજીને મંડપમાં લઈ આવ્યા.
પાદુકા પૂજનનો કાર્યક્રમ રાખ્યો હતો.
આ રંગજયંતીની ઉજવણી પ્રસંગે શ્રી અમૃતલાલ શિવરામભાઈ પાઠકે પોતાના હૃદયના ભાવને એક ધૂનની રચના કરીને વ્યક્ત કર્યો.
ધૂન હતી:

"રંગ અવધૂત રે રંગ અવધૂત
નારેશ્વરનો નાથ મારો રંગ અવધૂત."

દીવેર ગામે રંગ પરિવારને આપેલી આ ધૂન આજે ઠેર ઠેર ગવાય છે.

ભક્તો આ ધૂનના રચયિતાને વંદન કરે છે અને દીવેર ગામનું ઋણ માથે ચઢાવે છે.

ભક્તોના ભાવને સ્વીકારીને પૂ.શ્રીએ પોતાના જન્મ દિવસની જાહેરમાં ઉજવણી થવા દીધી અને એમાં ઉપસ્થિત પણ રહ્યા.

બસ! રંગજયંતીના શુભ પગરણ અહીંથી મંડાયા.

•

## (૨૨)

## અવધૂતજીનું આગવું ચિંતન

દીવેરમાં સૌ પ્રથમ રંગજયંતી જાહેરમાં ઉજવાઇ.

લોકોએ મન મૂકીને રંગેચંગે રંગજયંતી ઉજવી.

શિવરામભાઈ પાઠકે ધૂન રચી અને એ ધૂન ગવરાવી પણ ખરી. ભવ્ય રીતે રંગજયંતી ઉજવાઇ.

દીવેરના ભક્તોને આનંદ આનંદ થઇ ગયો.

પરંતુ આ બાજુ અવધૂતજી વિચાર કરવા લાગ્યા.

ભકતોએ ધૂમ ખર્ચો કર્યો.

આવો ખર્ચ પોતાના જન્મ દિવસ નિમિત્તે થાય તે કેટલો યોગ્ય ગણાય?

કારતક માસમાં રંગજયંતીનો ખર્ચ અને પછી તરત જ માગસર માસમાં દત્તજયંતીનો ખર્ચ.

દત્તજયંતી ઉજવાય એ તો અવધૂતજીને ગમે.
પોતાના ઈષ્ટદેવની જયંતી નિમિત્તે ખર્ચ થાય એમાં તો ભક્તોનું શ્રેય છે, કલ્યાણ જ છે.
પરંતુ પોતાના જન્મદિવસની ઉજવણી તો અહંને પોષનારી છે.
અવધૂતજીએ ભકતોની ભાવનાને વશ દીવેરમાં રંગજયંતી ઉજવવા દીધી પણ આવી જાહેર ઉજવણીને વેગ ન મળે એવું વિચાર્યું.
અવધૂતજી રંગજયંતીના બે ચાર દિવસ પહેલાં જ નારેશ્વરથી દૂર કોઈ સ્થળે જતા રહેતાં.
નારેશ્વરમાં રહે તો લોકો આવે અને ક્યાંક જવું પડે.
'ન રહે બાંસ, ન બજે બાંસુરી' એ ન્યાયે પોતે જ લોકોથી દૂર કોઈ અજાણ સ્થળે જતા રહેતાં.
પૂ. અવધૂતજી નારેશ્વરમાં ન હોય તો પણ સાયરના પરમ ભક્ત મૂળજીભાઈ ગોર નાના પાયે જયંતી ઉજવતાં.
ભજન-પૂજન કરતાં.
જે થોડી વ્યક્તિ ભેગી થઇ હોય તે મહાપ્રસાદ લઇ છૂટી પડતી.
આમ દીવેરની રંગજયંતીને કારણે થયેલી જયંતીની ઉજવણીની શરૂઆતને અવધૂતજીએ પ્રોત્સાહન આપ્યું નહિ.

સંવત ૧૯૯૮, ૧૯૯૯ અને ૨૦૦૦ની રંગજયંતી પૂ.શ્રીએ નારેશ્વરની બહાર અજ્ઞાત સ્થળે રહીને ભક્તોને ખર્ચ ન કરવા દીધો.
અવધૂતજીનું આગવું ચિંતન સમાજ માટે પથદર્શક હતું. પણ શું ભગવાનને એ મંજૂર હતું ખરું?

●

## (૨૩)
## હરિ ઈચ્છા બલવાન

દીવેરની રંગજયંતી ભક્તોએ ઉજવી પણ પછી અવધૂતજીએ એ ઉજવણી બંધ કરી.
ત્રણ વર્ષ અવધૂતજી જયંતી ઉપર નારેશ્વરથી દૂર અજ્ઞાત સ્થળે જતા રહેતા.
કારતક સુદ નોમ પસાર થાય પછી પોતે નારેશ્વર આવી જતાં.
સંવત ૨૦૦૧ એટલે કે સને ૧૯૪૪ની સાલ.
પોતાની રીતે કારતક સુદ પાંચમના રોજ પૂ.શ્રીએ નારેશ્વર છોડી દીધું.
એ દિવસે પૂ.શ્રીને શુક્લતીર્થ જવાનું થયું.
પૂ.શ્રીએ મનમાં વિચાર્યું કે બે-ત્રણ દિવસ શુક્લતીર્થમાં વીતાવી જન્મદિવસ નાવડીમાં પસાર કરી દેવો.

કારતક સુદ નોમની રાત્રીએ નારેશ્વર પહોંચવું.
કારતક સુદ આઠમના રોજ શુકલતીર્થ છોડ્યું.
ઝણોરના ભીમસિંહજી ખુમાનસિંહજી રાજને જાણ થઇ કે પૂ.શ્રી શુકલતીર્થ છોડી નારેશ્વર જાય છે.
ઝણોર ગામ તો વચમાં જ આવે.
તો શું રંગજયંતીના આગલે દિવસે પૂ.શ્રીની નાવડી ઝણોર ગામને ઘસાઇને જતી રહેશે?
ભકતોને ખર્ચ થાય એટલા માટે ભલે રંગજયંતી ન ઉજવાય પણ ગામમાં આવ્યા સિવાય પૂ.શ્રી જતા રહે એ તો કેમ ચાલે?
અને તે પણ રંગજયંતીના આગલા દિવસે?
ભીમસિંહજીનો અંતરાત્મા કકળી ઊઠ્યો.
અરે! ભગવાન અહીં પગલા પાડ્યા વિના જતા રહે તે તો કેમ ચાલે?
એમણે પૂ.શ્રીને કહ્યું કે કોઇ ખોટો ખર્ચ નહિ કરું.
આપ કેવળ ભિક્ષા લઇને જતા રહેજો.
અવધૂતજીની નાવડીને ઝણોરથી આગળ જવા દીધી નહિ.
પૂ. રંગ બાપજી પણ ભકતોનો ભાવ જોઇને દ્રવી ગયા.
એમણે ઝણોરના ભીમસિંહજીને પોતાની ઇચ્છા કહી સંભળાવી.

મારા જન્મદિન નિમિત્તે લોકો લખલૂટ ખર્ચ કરે તે યોગ્ય નથી.

ભીમસિંહજીએ સાદી રીતે રંગજયંતી ઉજવવાનું વચન આપ્યું. એમણે કહ્યું કે હું કશું નહિ કરું.

ગામની ભાગોળે રામજી મંદિરમાં ઉતારો આપ્યો.

ભીમસિંહજી તો પૂ.શ્રીની પાસે જ બેસી રહ્યા.

અવધૂતજીને ખાતરી થઇ કે જન્મજયંતી નિમિત્તે કોઇ ખોટી ધમાલ નહિ થાય પરંતુ ભગવાનની ઇચ્છા સહુથી બળવાન હોય છે અને હરિ કરે તેમ જ થાય છે.

રાત્રે ધૂન-ભજન થયાં અને બધા છૂટા પડ્યા.

ભીમસિંહજી તો અવધૂતજીની સેવામાં જ રહ્યા.

અવધૂતજી આરામ લેવા માટે સૂતા પણ ગામ આખું તો જાગતું જ રહ્યું.

•

# (૨૪)
# ⁂ ઝણોરમાં રંગજયંતી ⁂

શુકલતીર્થથી નાવડીમાં નીકળેલા અવધૂતજીને ભીમસિંહજીએ રોક્યા.

હું કોઈ ધાંધલ-ધમાલ નહિ કરું એવું વચન આપ્યું.

પોતે અવધૂતજી સાથે રામજી મંદિરમાં રાત્રિ પસાર કરી.

પૂ.શ્રીને થયું કે રંગજયંતીની ધામધૂમથી ઉજવણી નહિ થાય.

કારતક સુદ નોમની સવાર પડી.

ભીમસિંહજી તો પૂ.શ્રીની સેવામાં જ હતાં.

પણ લોકોની ચહલ પહલ પરથી પૂ.શ્રીને શંકા ગઈ.

એમણે ભીમસિંહજીને કહ્યું: "દરબાર! દગો થયો હોય એમ લાગે છે!"

ભીમસિંહજીએ બે હાથ જોડ્યા.

આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

પૂ.શ્રીને ભાવપૂર્વક કહ્યું કે: "ભગવાન! મેં તો કાંઈ જ કર્યું નથી. પરંતુ ગામના લોકો પોતાની મેળે, ઉમળકાભેર કાંઈ કરે તો એમને હું કેવી રીતે રોકી શકું?

આવા પવિત્રતમ દિવસે તો આપ ગમે તેવા ગરીબ ગામના પાદરેથી નીકળો તો પણ લોકોનો આનંદ હિલોળે કેમ ન ચઢે?

અમે એટલા બધા પાપી છીએ કે ભગવાનના નિમિત્તે બે પૈસા પણ ન ખર્ચીએ?
આમ તો અમે વ્યસનમાં અને કોરટ કચેરીમાં કેટલાયે પૈસા ઉડાવી મારીએ છીએ.
આ તો સન્માર્ગે પૈસો ખર્ચાય છે.
એમાં અમારું ભલું થવાનું છે.
આમ છતાં કાંઇ અવિવેક થયો હોય તો પ્રભુ! માફ કરશો.
અમે તો આપના નાના બાળકો છીએ.
આપ ભિક્ષા કરશો પછી નહિ રોકું અને કોઇ પણ હિસાબે આપને રાત્રે નારેશ્વર પહોંચાડી દઇશ."
પૂ.શ્રીની રંગજયંતી ફરી પાછી જાહેરમાં ઉજવાઇ.
એક જ રાતમાં ભક્તોએ કરેલી તૈયારી અવધૂતજીને સ્પર્શી ગઇ.
આખું ગામ શણગારાઇ ગયું.
જેમ દશેરાને દિવસે રાજાની વાજતે ગાજતે, ડંકા નિશાન સાથે સવારી નીકળે તેમ પૂ.શ્રીને પૂજન માટે બેન્ડવાજા સાથે લઇ જવામાં આવ્યા.
ડંકા-નિશાન સાથેની આ સવારીથી ભક્તો રાજી રાજી થઇ ગયા.
ખાસ તૈયાર કરેલા મંડપમાં પૂ.શ્રીની પધરામણી કરવામાં આવી.

અને રંગજયંતીનો ઉત્સવ દબદબાપૂર્વક ઉજવવામાં આવ્યો.

અવધૂતજીને થયું કે ભગવાનની ઇચ્છા જ ઉત્સવ કરાવવાની છે.

હું રંગજયંતી ન ઉજવાય એમ ઇચ્છું છું પણ ભગવાન કાંઇ બીજું જ ઇચ્છે છે.

બસ! ભગવાનની ઇચ્છાને અવધૂતજીએ માથે ચઢાવી.

ઝણોરની રંગજયંતીએ રંગજયંતીનો રાજમાર્ગ ખૂલ્લો કરી દીધો.

પછી તો ઠેર ઠેર, ગામોગામ રંગજયંતી ઉજવાઇ.

ભક્તાધીન ભગવાન તે આનું નામ.

●

## (૨૫)
# ઉમલ્લામાં રંગજયંતી

ઉમલ્લા એટલે અવધૂતનો ગઢ.
ઉમલ્લાના ભક્તોને પૂ. અવધૂતજીમાં અતૂટ શ્રદ્ધા.
અવધૂતજી એમના ભગવાન.
ઉમલ્લાના ભક્તોમાં ભાઈલાલભાઈ દેસાઈ, ચતુરભાઈ પટેલ, સુમનલાલ માસ્તર(ભજન ભાસ્કર), જયંતીભાઈ પંડ્યા, મથુરભાઈ, ગોવિંદભાઈ વગેરે સંનિષ્ઠ ભક્તો.
ઝણોરમાં રંગજયંતી ઉજવાઈ.
ભીમસિંહજીના ગામમાં રાતોરાત તડામાર તૈયારીઓ ચાલી અને દબદબાપૂર્વક રંગજયંતી ઉજવાઈ એ વાત બધાએ જાણી.
એટલે પછીના વર્ષે એટલે કે સંવત ૨૦૦૨ની રંગજયંતીના નગારા ઉમલ્લામાં વાગ્યાં.
આખુ ગામ શણગારાયું.
ધજા, પતાકા, કમાન અને તોરણથી ગામની રોનક જ બદલાઈ ગઈ.
શ્રીગુરુલીલામૃતના પારાયણો ગોઠવાયાં.
ભજન ભાસ્કરનું ગામ એટલે ધૂન-ભજનની તો રમઝટ જામે જ.

આખા ગામમાં રંગજયંતીનો ઉત્સવ ઉજવવાનો ભારે આનંદ. મોટો મંડપ બંધાયો.

મંડપમાં પૂ.શ્રી રંગગુરુની પધરામણી કરાઇ.

પાદુકા પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ભજન અને ધૂનથી વાતાવરણ આહ્લાદક બની રહ્યું હતું.

ખભે ખભા મીલાવીને કાર્યકરો કાર્ય કરતા હતા.

કાર્યક્રમ સારી રીતે સંપન્ન થયો.

બધા મહાપ્રસાદ લઈને છૂટા પડ્યા.

અવધૂતનો ગઢ ગણાતા ઉમલ્લાએ ભારે શાનથી રંગજયંતી ઉજવી.

એ ઉજવણીને આજે પણ લોકો ભૂલ્યા નથી.

અવધૂતના કૃપાપાત્ર ભકતોના વંશમાં પણ આજે રંગભક્તિ અકબંધ જળવાઈ રહી છે.

●

(અનુસંધાન ટાઈટલ પેજ ૪)

ઝાલર ખાઈ રીઝ્યો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ.
બ્રાહ્મણસ્ત્રીનો મૃત ભરથાર, કીધો સજીવન તેં નિર્ધાર !
પિશાચ-પીડા કીધી દૂર, વિપ્રપુત્ર ઉઠાડ્યો શૂર.
હરી વિપ્રમદ અંત્યજ હાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમતાત !! ૩૦
નિમેષમાત્રે તંતુક એક, પહોંચાડ્યો શ્રીશૈલે દેખ !
એકીસાથે આઠ સ્વરૂપ, ધરી દેવ બહુરૂપ અરૂપ.
સંતોષ્યા નિજભક્ત સુજાત, આપી પરચાઓ સાક્ષાત્.
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ. ૩૪
રામકૃષ્ણરૂપે તેં એમ, કીધી લીલાઓ કંઈ તેમ.
તાર્યાં પથ્થર, ગણિકા, વ્યાધ ! પશુપંખી પણ તુજને સાધ !!
અધમઓધારણ તારું નામ, ગાતાં સરે ન શાં શાં કામ?
આધિ વ્યાધિ ઉપાધિ સર્વ ટળે સ્મરણ માત્રથી શર્વ ! ૩૮
મૂઠચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ.
ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર,
નાસે મૂઠી દઈને તુર્ત, દત્તધૂન સાંભળતાં મૂર્ત,
કરી ધૂપ ગાએ જે એમ, દત્ત-બાવની આ સપ્રેમ,
સુધરે તેના બન્ને લોક, રહે ન તેને ક્યાંયે શોક !
દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્રય તેનાં જાય !! ૪૪
બાવન ગુરુવારે નિત નેમ, કરે પાઠ બાવન સપ્રેમ;
યશાવકાશે નિત્ય નિયમ, તેને કદિ ન દંડે યમ.
અનેકરૂપે એજ અભંગ, ભજતાં નડે ન માયા-રંગ !
સહસ્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક !! ૪૮
વંદુ તુજને વારંવાર, વેદશ્વાસ તારા નિર્ધાર !
થાકે વર્ણવતાં જ્યાં શેષ, કોણ રાંક હું બહુકૃતવેષ.
અનુભવ-તૃપ્તિનો ઉદ્‌ગાર, સુણી હસે તે ખાશે માર.
તપસી તત્ત્વમસિ એ દેવ ! બોલો જય જય શ્રી ગુરુદેવ !! ૫૨

# દત્તબાવની

જય યોગીશ્વર દત્તદયાળ તુંજ એક જગમાં પ્રતિપાળ !
અત્ર્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટયો જગકારણ નિશ્ચિત.
બ્રહ્માહરિહરનો અવતાર. શરણાગતનો તારણહાર;
અંતર્યામિ સત્ ચિત્ સુખ, બહાર સદ્ગુરુ દ્વિભુજ સુમુખ.
ઝોળી અન્નપૂર્ણા કર માંહ્ય, શાંતિ કમંડલ કર સોહાય.
ક્યાંય ચતુર્ભુજ ષડ્ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર. ૬
આવ્યો શરણે બાળ અજાણ, ઊઠ દિગંબર ચાલ્યા પ્રાણ !
સૂણી અર્જુન કેરો સાદ, રીઝયો પૂર્વે તું સાક્ષાત;
દીધી ઋદ્ધિ, સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર,
કીધો આજે કેમ વિલંબ ? તુજ વિણ મુજને ના આલંબ !!
વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ.
જંભદૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ;
વિસ્તારી માયા, દિતિસુત ઈન્દ્રકરે હણાવ્યો તૂર્ત.
એવી લીલા કંઈ કંઈ શર્વ, કીધી વર્ણવે કો તે સર્વ ? ૧૪
દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ;
બોધ્યા યદુ ને પરશુરામ, સાધ્યદેવ પ્રહ્લાદ અકામ.
એવી તારી કૃપા અગાધ ! કેમ સૂણે ના મારો સાદ ?
દોડ, અંત ના દેખ અનંત ! મા કર અધવચ શિશુનો અંત !!
જોઈ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ, થયો પુત્ર તું નિઃસંદેહ.
સ્મર્તૃગામી કલિતાર કૃપાળ ! તાર્યો ધોબી છેક ગમાર.
પેટપીડથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર.
કરે કેમના મારી વ્હાર ? જો આણીગમ એકજ વાર !!
શુષ્ક કાષ્ઠને આણ્યાં પત્ર ! થયો કેમ ઉદાસીન અત્ર ?
જર્જર વંધ્યા કેરાં સ્વપ્ન, કર્યાં સફળ તેં સુતનાં કૃત્સ્ન.
કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ.
વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યું દારિદ્રય તેં તતખેવ. ૨૬

(અનુસંધાન ટાઈટલ પેજ ૩)